Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**95**

# ગીર ગઢડા તાલુકો – ગ્રામ્ય વિસ્તાર સંઘર્ષ અને સફળતા

**પ્રો. કાજલબેન મનસુખભાઈ વેકરીયા**

આસીસ્ટન્ટ પ્રોફેસર, શ્રી એમ.કે. સાવલિયા આર્ટસ કોલેજ, બાઢડા

તા. સાવરકુંડલા, જી. અમરેલી

ગ્રામ્ય જીવન અદભુત હોય છે, પ્રકૃતિનો ખોળો હોય છે. જળ, જંગલ અને પહાડોની સુંદરતા ગ્રામ્ય જીવનને ભવ્ય બનાવે છે, આરોગ્ય અને તંદુરસ્તી પ્રકૃતિ વરદાન કરે છે, આવો જ વિસ્તાર જ્યા જળ, જંગલ, પહાડો, વન્ય સંપદાથી ભરપુર, જંગલી પ્રાકૃતિક વન્ય પ્રાણી જીવનથી ભરપુર, મોર,કોયલ અને પંખીઓના સુમધુર ટહુકા અને ગીતોથી ગુંજતો વિસ્તાર એટલે ગીર સોમનાથ જીલ્લાનો ગઢડા તાલુકો! આ તાલુકામાં પ્રવેશતા જ જળ સમૃધ્ધ નદીઓ – રૂપાળા કાંઠા વાળી, સારસ – સારસીના જોડા દ્વારા શોભતા, નદીઓના કાંઠા, ક્યારેય ન સુકાય તેવા નદીઓના વહેણ અને નદીના કાંઠા પરના મંદિરો, શિવાલયો વગેરેના ઘંટારવથી ગુંજતું સવાર – સાંજનું સુવાતાવરણ_ વન, વારી, બાગ-બગીચા, એશિયાટીક ગૌરવ એવાં સિંહ, એવાં વૈવિધ્યપૂર્ણ સંપદા તરબતર આ ગીર ગઢડા તાલુકો કદાચ સૌરાષ્ટ્રનો સંપૂર્ણ રીતે સમૃધ્ધ અને પ્રાકૃતિક સુંદરતાનું ઉતમ ઉદાહરણ છે.

પણ આ તાલુકાના સમૃધ્ધ અને સુંદરતાના નિર્માણ પાછળ અનેક સંઘર્ષોની ગાથાઓ છે. મહદઅંશે આ તાલુકામાં ખેડૂત વસ્તી વધારે પ્રમાણમાં છે અને મહેનતકશ ખેડૂતો અનેક પ્રતિકુળતા સામે ઝઝુમીને પ્રકૃતિએ બક્ષેલ સમૃધ્ધ અને સુંદરતાને અકબંધ રાખ્યા છે. જયારે પ્રકૃતિ અને ઈશ્વર બન્નેની કૃપા હોય, ત્યારે ત્યાં વસતા માનવસમૂહો ઈશ્વરમાં શ્રધ્ધા રાખી પ્રકૃતિ સાથે તાલમેલ કરે ત્યારે પરિણામ એક સુદૃઢ સંસ્કૃતિ રૂપે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

આવતું હોય છે. અને આ સુદૃઢ થયેલ સંસ્કૃતિ જ માનવ સમુહને એકજુટ થઇને પડકારો સામે સંઘર્ષ કરવા બળ આપતી હોય છે, અને આ બળ દ્વારા જ માનવી સંઘર્ષ કરતો કરતો સારા પરિણામને પ્રાપ્ત કરતો હોય છે.

મહાભારત કાળમાં કૌરવકુળમાં પિતરાઇ ભાઇઓ વચ્ચે ભાગલા પડ્યા ત્યારે પાંડવોને ભાગ ખાંડવપ્રસ્થ આવ્યું, આ વિસ્તાર ખડકાળ પહાડો, અગમ્ય જંગલો, નાગલોકોના વસવાટ વાળો વિસ્તાર હતો, પણ પાંડવોના અગાથ પ્રયાસોથી એ માયાનગર બન્યું અને સમૃધ્ધ વિસ્તાર બન્યો, જે હાલ દિલ્હી તરીકે ઓળખાય છે, પણ આ દિલ્હીને બનાવવા- નિર્માણ કરતા અનેક પડકારો, દુશ્મનો, સામાજીક અવ્યવસ્થાઓ સામે કેટલો સંઘર્ષ કરવો પડતો હશે? માણસ જયારે પડકારો, દુશ્મનો, પ્રતિકુળતાઓ સામે સતત સંઘર્ષ કરે છે ત્યારે પરિણામ ઇન્દ્રપ્રસ્થ (દિલ્હી) જ હોય છે.

ગઢડા તાલુકો ગુજરાત રાજ્યના સોમનાથ જીલ્લાનો એક સમૃધ્ધ તાલુકો છે. આ તાલુકામાં મુખ્ય વસ્તી લેઉવા પટેલ અને કોળી સમાજની છે. એક સમય એવો હતો, જયારે પોરબંદર, ગીર સોમનાથ અને જુનાગઢ વિસ્તારનો એક સંયુક્ત જીલ્લો હતો, ૧૯૯૫ માં પ્રથમ પોરબંદર જૂનાગઢથી છુટો પડીને ત્રણ તાલુકા પોરબંદર, રાણાવાવ અને કુતિયાણાનો પોરબંદર જીલ્લો અલગ અસ્તિત્વ ધરાવતો જીલ્લો બન્યો, ત્યારબાદ જૂનાગઢથી ઉના, તાલાળા, કોડીનાર, સુત્રાપાડા અને વેરાવળ મળીને ગીર સોમનાથ જીલ્લો અલગ અસ્તિત્વમાં આવ્યો, અને ત્યારબાદ ઉના તાલુકા માંથી ગીર ગઢડા વિખૂટું પડી અલગ તાલુકો અસ્તિત્વમાં આવ્યો. ગીર ગઢડા તમામ રીતે સમૃધ્ધ અને વિકસીત તાલુકો છે.

આ તાલુકો જયારે ઉનામાં હતો ત્યારે અલગ અસ્તિત્વ ન હોવાને કારણે રાજકીય રીતે ઉપેક્ષિત તાલુકો હતો. ઉના તાલુકામાં અમુક ચોક્કસ જ્ઞાતિનુ પ્રભુત્વ હતું. પરિણામે ગઢડા વિસ્તારમાં જે ગતિએ વિકાસ થવો જોઇએ તે ન થયો. મહદઅંશે ખેતી સાથે જોડાયેલ આ વિસ્તારમાં વાર્ષિક ૩ ખેતી પાક લઇ શકાય તેવી જળ સંપદા છે.

પણ વન્યપ્રાણીઓ ના ત્રાસ, વન વિભાગની સીમારેખા પર આવવાને લીધે અવાર – નવાર નાની-મોટી ભૂલો માટે અહીંના ખેડૂતો અને વનતંત્ર જોડે સંઘર્ષો થયા હશે, આ ઉપરાંત સરકારશ્રીની નીતિરીતે માટે પણ અહીંનો ખેડૂત વર્ગ અસંતુષ્ટ હતો, સામાજીક અને રાજકીય આગેવાનો દ્વારા સરકારી તંત્રને પોતાના અનેકવિધ પ્રશ્નોની રજૂઆત, ભૂખ હડતાલો, આંદોલનો વગેરે કરીને આ વિસ્તરે પોતાનું અસ્તિત્વ ટકાવી

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

રાખ્યું છે.ઉના તાલુકાથી છુટા પડતાની સાથે જ જાણે સ્પ્રિંગ ઉછળે તેમ આ વિસ્તરે વિકાસની હરણફાળ ભરી છે. સામાન્યતઃ મગફળી, કપાસ, કઠોળ પાકો ઉપરાંત બાગાયતી પાકો માટે પણ આ વિસ્તાર તાલાળા પછી જીલ્લામાં બીજું સ્થાન ધરાવે છે. ત્રણ મોટી નદી મછુન્દ્રી, માલણ અને શિંગોડા આ વિસ્તારને હમેશા વરદાન આપતી રહી છે. હરિયાળા કાંઠા, લીલાછમ પહાડો અને ઢોળાવ યુક્ત જમીન ધરાવતો ગઢડા તાલુકો ગામે તેની આંખ ઠારે છે.

"ડરની આગળ જીત હોય છે" એ સુવાક્યને ગીર ગઢડા તાલુકો પૂર્ણરૂપે ચરિતાર્થ કરે છે. એક સમય એવો હતો કે અહીં અસામાજિક તત્વોની પ્રવૃત્તિ પણ ફુલ્લી ફાલી હતી, ગુંડાગીરી પણ વ્યાપેલ હતી, સામાજીક અને રાજકીય સ્થિતિ પણ સારી ન હતી, સાંસ્કૃતિક રીતે પણ આ વિસ્તાર ખુબ જ પછાત હતો, પણ સામાજીક અને રાજકીય આગેવાનો આ પડકારો સામે નિર્ભય રીતે સંઘર્ષ કરીને પણ લડ્યા, આ લડતોને પરિણામે સરકારી તંત્ર અને સામાજીક સંસ્થાઓનો સાથ સાંપડયો. પરિણામે આ વિસ્તાર આવી વિકટ પરીસ્થિતિમાંથી સાંગોપાંગ બહાર આવ્યો. જેવી આ પરીસ્થિતિ સામાન્ય બની તો સામા પક્ષે એક સાંસ્કૃતિક આંદોલન શરુ થયું. ગામેગામ સમાજના ભવનો, શાળાઓ, કોલેજો વગેરે શરુ થયા. સામાજીક ઉત્થાનની સાથે જ શૈક્ષણિક પ્રવૃતિઓ દ્વારા સાંસ્કૃતિક ઉત્થાન પણ થયું. શિક્ષણનો વ્યાપ વધ્યો, નિરક્ષરતા નામશેષ થઇ, અને એક વિકસીત ગ્રામ્ય સમાજનું નિર્માણ થયું. અત્યારે સૌરાષ્ટ્રમાં આ તાલુકો તમામ રીતે ઉદાહરણરૂપ બન્યો.

સારા પરિણામો, સફળતા અને વિકાસની  પાછળ હમેશા સંઘર્ષ, પડકારો સામે ઝઝૂમવાની તાકાત અને હામ, લક્ષ્યો પ્રત્યે સભાનતા અને ઈચ્છા શક્તિ કારણભૂત હોય છે. ગીર ગઢડા તાલુકાનું મૂલ્યાંકન કરીએ તો હિન્દી કવિ સુમિત્રાનંદન પંતનો કાવ્યસંગ્રહ "ગ્રામ્યા" સાથે તુલના થઇ શકે. અને એ તુલનામાં ગીર ગઢડા તાલુકો સંપૂર્ણપણે પાર ઉતરે એ નિર્વિવાદ બાબત ગણી શકાય. સવારના પ્રભાતિયા, સંધ્યા સમયના મંદિરોમાં ઘંટારવ અને રાત્રીના હાલરડાં આજની તારીખે તમને આ વિસ્તાર આપણી ભવ્ય ગ્રામિણ સંસ્કૃતિની અનુભૂતિ કરાવે!

સફળતાની સીડી આ પ્રમાણે હોય છે_ અભાવ_પડકારો_ સંઘર્ષ – લડત_ સફળતા. દરેક સમાજે આ સીડી પર ચાલવું જ પડે જો તેણે સફળતા મેળવવી હોય, વિકાસના ફળ ચાખવા હોય.